પરદેશ પાર્સલ સેવા
www.chipsairexp.com
CHIPS
Express Pvt Ltd
અટરીયા-ધ બિઝનેસ હબ, શોપ નં. B-32, 'KH-0', સરગાસણ ૪ રસ્તા, ગાંધીનગર. M. 9227706105
chipsgnd@gmail.com

પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૧૮૫ | ૧૪ સપ્ટેમ્બર, ૨૦૧૮, શુક્રવાર; ભાદરવા સુદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# વિજય માલ્યા મામલે રાજકારણ ગરમાયું

**ભાજપ-કોંગ્રેસના સામસામે આક્ષેપો વચ્ચે સુબ્રમણ્ય સ્વામીના જેટલી પર પ્રહારો : જેટલીની મંજુરી લઇને માલ્યા દેશમાંથી ફરાર થયા : અપરાધીની સાથે વાત કરી રહ્યા હતા છતાં સીબીઆઇ, ઇડી, પોલીસને કેમ જાણ ન કરી : એરેસ્ટ નોટિસને ઇન્ફોર્મ નોટિસમાં ફેરવી દેવાઇ હતી : રાહુલ**

## વિજય માલ્યાના ફરાર થવા મુદ્દે સ્વામીના પ્રહારો

### વિજય માલ્યાએ સંસદના સેન્ટ્રલ હોલમાં નાણામંત્રી સાથે વાતચીત કરી હતી તે બાબતને ફગાવી શકાય નહીં : સ્વામી



નવી દિલ્હી, તા. ૧૩

શરાબ કારોબારી વિજય માલ્યાને દેશ છોડીને ભાગવાના મામલામાં રાજકીય ગરમી વધી ગઈ છે. રાજ્યસભાના સાંસદ સુબ્રમણ્યમ સ્વામીએ પણ નાણામંત્રી અરુણ જેટલી ઉપર આકરા પ્રહારો કર્યા છે. સ્વામીએ આજે ટ્વિટ કરીને કહ્યું હતું કે, આ મામલામાં નાણામંત્રીએ પોતાની સાફ વાત કરવી જોઈએ. નાણામંત્રી પ્રશ્નોના ઘેરામાં આવી ગયા છે. આ તથ્યને ફગાવી શકાય નહીં કે, માલ્યાએ સંસદના સેન્ટ્રલ હોલમાં નાણામંત્રીને લંડન જવાના સંદર્ભમાં માહિતી આપી હતી. આ ઉપરાંત સ્વામીએ કહ્યું હતું કે, માલ્યાની સામે લુકઆઉટ નોટિસ ૨૪મી ઓક્ટોબર ૨૦૧૫ના દિવસે હળવું કરવામાં આવ્યું હતું. તેમના સ્ટેટસને બ્લોગથી રિપોર્ટ કરી દેવામાં

● અનુસંધાન પાન-૭ પર

નવીદિલ્હી, તા. ૧૩

શરાબ કારોબારી વિજય માલ્યાના દેશ છોડતા પહેલા નાણામંત્રી અરુણ જેટલીને મળવાના દાવા બાદ રાજકીય ગરમી વધી ગઈ છે. આજે કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધીએ પોતે મિડિયાની સામે આવીને દાવો કર્યો હતો કે, સંસદમાં અરુણ જેટલી અને માલ્યાની વચ્ચે વાતચીત થઈ હતી. આ વાતચીતને પીએલ પુણિયાએ નિહાળી હતી. રાહુલ ગાંધીએ અરુણ જેટલી ઉપર ગંભીર આક્ષેપો કર્યા હતા. રાહુલે કહ્યું હતું કે, જેટલી બ્લોગ લખે છે પરંતુ ક્યારે પણ વિજય માલ્યાને મળવાના સંદર્ભમાં વાત કરી નથી. દેશના લોકોને આ અંગે જાણ કરી નથી. રાહુલ ગાંધીએ નાણામંત્રી અરુણ જેટલીના રાજીનામાની માંગ કરી હતીઅને તપાસની પણ માંગ કરી હતી.

વિજય માલ્યા કહી ચુક્યા છે કે તેઓ ભારત છોડતા પહેલા સંસદમાં અરુણ જેટલીને મળ્યા હતા. અરુણ જેટલી તમામ મિટિંગો અંગે બ્લોગમાં લખે છે પરંતુ આ બેઠકના સંદર્ભમાં કોઈપણ બ્લોગ લખવામાં આવ્યું નથી. વિજય માલ્યાના સંદર્ભમાં થોડાક શબ્દોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. પાટનગર દિલ્હીમાં પત્રકાર પરિષદને સંબોધતા રાહુલે કહ્યું હતું કે, આ ક્લિયરકટ મિટિંગ તપાસ થવી જોઈએ. કોંગ્રેસ વડાએ એવો દાવો પણ કર્યો હતો કે,



હતી. તેમની વચ્ચે ચોક્કસપણે કોઇ ડિલ થઈ છે. જેટલીએ રાજીનામુ આપવું જોઈએ અને આ મામલામાં માલ્યાને લંડન ફરાર થઈ જવાની તક આપવામાં આવી હતી. અરેસ્ટ નોટિસને ઈન્ફોર્મ નોટિસમાં ફેરવી દેવામાં આવી હતી. જેટલી ખોટું બોલી રહ્યા છે. સરકાર પણ ખોટુ બોલી રહી છે. નાણામંત્રીને માલ્યા મળ્યા હતા. ફરાર વિજય માલ્યાએ તેમને કહ્યું હતું કે, તેઓ લંડન જઈ રહ્યા છે. નાણામંત્રીએ આ સંદર્ભમાં સીબીઆઈ, ઈડી અને પોલીસને જાણ કરી ન હતી. આની પાછળના કારણ ગળે ઉતરી રહ્યા નથી. આ ધરપકડ નોટિસને બદલીને ઈન્ફોર્મ નોટિસ કરી દેવામાં આવી હતી. આ કામ એકમાત્ર એજ વ્યક્તિ કરી શકે છે જે સીબીઆઈ ઉપર અંકુશ ધરાવે છે. જો માલ્યા કોરીડોરમાં જ વાત કરી રહ્યા હતા ત્યારે શા માટે સીબીઆઈ, ઈડી અને અન્યોને માલ્યાને પકડી પાડવા માટે કહેવામાં આવ્યું ન હતું. આ બાબત દર્શાવે છે કે, ચોક્કસપણે કોઈ ડિલ થયેલી છે. નાણામંત્રીએ તેમની વચ્ચે કઈ વાતચીત થઈ તે અંગે પણ વાતચીત કરવી જોઈએ. રાહુલ ગાંધીએ કહ્યું હતું કે, પીએલ પુણિયા એક પુરાવા તરીકે છે. આ વ્યક્તિએ સંસદમાં માલ્યા અને જેટલીની મુલાકાતને નિહાળી હતી. આ કોઈ નાની વાતચીત ન હતી. ત્યારબાદ પુણિયાએ દાવો કર્યો હતો કે, બજેટ સત્ર બાદ પહેલી માર્ચ ૨૦૧૬ના દિવસે તેઓ સંસદના સેન્ટ્રલ હોલમાં બેઠા હતા.

● અનુસંધાન પાન-૭ પર

## મેં સેન્ટ્રલ હોલમાં માલ્યાને જેટલી સાથે મુલાકાત કરતા જોયા હતા : પીએલ પુનિયા

ન્યુ દિલ્હી,તા.૧૩

દેશના હજારો-કરોડો લઈ ભાગી ગયેલા બિઝનેસમેન વિજય માલ્યાના એક નિવેદથી ભારતના રાજકારણમાં ભૂકંપ આવી ગયો છે. બુધવારના રોજ લંડનમાં વિજય માલ્યાએ દાવો કર્યો કે ભારત છોડતા પહેલાં તેઓ નાણાં મંત્રી અરૂણ જેટલીની મળ્યા હતા. ત્યારબાદ વિપક્ષ અરૂણ જેટલીના રાજીનામાંની માંગણી કરી રહ્યું છે. ત્યારબાદ કોંગ્રેસ નેતા પીએલ પુનિયાએ ટ્વીટ કરી. તેમણે લખ્યું કે અરૂણ જેટલી જુઠ્ઠું બોલી રહ્યા છે, મેં સેન્ટ્રલ હોલમાં માલ્યાની સાથે લાંબી બેઠક કરતાં જોયા હતા. આ બેઠક માલ્યા લંડન ગયા તેના બે દિવસ પહેલાં જ થઈ હતી.

## માલ્યા સાથે ગાંધી પરિવારના સંબંધ મુદ્દે રાહુલ જવાબ આપે : ભાજપ

### ડોટેક્સ કંપનીથી રાહુલે એક કરોડની લોન લીધી : પાત્રા



નવીદિલ્હી, તા. ૧૩

શરાબ કારોબારી વિજય માલ્યાના દેશ છોડવાને લઈને હવે જોરદાર રાજકીય લડાઈ છેડાઈ ગઈ છે. ભાજપ અને કોંગ્રેસ આમને સામને આવી ગયા છે. રાહુલ ગાંધીના ગંભીર પ્રકારના આક્ષેપો બાદ ભાજપે પણ નબળીરીતે બચાવ કરવાનો પ્રયાસ કર્યો હતો. ભાજપના પ્રવક્તા સંબિત પાત્રાએ આક્ષેપોને રદિયો આપતા કહ્યું હતું કે, યુપીએની સરકારના ગાળામાં માલ્યાને ઘણી બધી રાહતો આપવામાં આવી હતી. રાહુલ ગાંધીએ પણ કેટલાક પ્રશ્નોના જવાબ આપવા જોઈએ. પાત્રાએ પ્રશ્ન કરતા કહ્યું હતું કે, માલ્યા અને કિંગફિશર એરલાઈન્સ સાથે ગાંધી પરિવારના કેવા પ્રકારના સંબંધો રહેલા છે. ગઈકાલે ફરાર શરાબ કારોબારી વિજય માલ્યાએ એમ કહીને વિવાદ છેડી દીધો હતો કે, તેઓ લંડન ફરાર થતાં પહેલા નાણામંત્રી અરુણ જેટલીને મળ્યા હતા. અલબત્ત આ વાતચીતને અનૌપચારિક તરીકે ગણાવી હતી પરંતુ આ વાતચીતને લઈને જોરદાર વિવાદ છેડાઈ ગયો હતો અને ભાજપની મુશ્કેલી વધી ગઈ હતી. કોંગ્રેસના નેતા પીએલ

● અનુસંધાન પાન-૭ પર

## ન્યુઝ ટ્રેક

**કાનપુરમાંથી આતંકવાદી ઝડપાયો**

ઉત્તરપ્રદેશ એટીએસ કાનપુરમાં એક સંદિગ્ધ આતંકવાદીની ધરપકડ કરી છે. એવુ જણાવાઈ રહ્યું છે કે પાકિસ્તાનના આતંકવાદી સંગઠન હિઝબુલ મુજાહિદીનના તેઓ સભ્ય છે.

**પતંજલિ હવે દૂધનું ઉત્પાદન કરશે**

બાબા રામદેવની કંપની પતંજલિ હવે ગાયનું દૂધ વેચશે. સાથે જ કંપની દહીં, છાશ અને પનીર પણ વેચશે. પ્રથમ તબક્કામાં દિલ્હી, રાજસ્થાન, હરિયાણા અને મહારાષ્ટ્રમાં પણ દૂધ ઉત્પાદનો મળશે.

**અમેરિકામાં ફ્લોરેન્સ વાવાઝોડું ફંટાયુ**

અમેરિકામાં ચક્રવાત ફોરેન્સના જોખમમાં વધારો થયો છે. આ ચક્રવાતનો માર્ગ ફંટાતા હવે તે કરોલિના અને જ્યોર્જિયામાં ત્રાટકશે. જે રસ્તે વાવાઝોડુ આગળ વધી રહ્યુ છે તેની ઉપર ૬ ન્યુક્લિયર પ્લાન્ટ છે.

**મુંબઈમાં ગણેશજીની મૂર્તિના શણગારમાં વાપર્યુ ૭૦ કિલો સોનુ**

મુંબઈમાં ઠેર ઠેર ગણપતિના પંડાળોની સજાવટ જોવા મળી રહી છે અને ગણેશ મંડળોએ એક એકથી ચઢિયાતા ડેકોરેશન કર્યા છે. જેમાં મુંબઈના સાયન વિસ્તારમાં તો ગણેશજીની પ્રતિમાને ૨૩ કેરેટના ૭૦ કિલો સોનાથી મઢવામાં આવી છે.

**ઈસરો બે બ્રિટિશ ઉપગ્રહો સાથે ઉડાન ભરશે**

ભારતીય અંતરિક્ષ ગઠન થોડાં જ સમયમાં અંતરિક્ષનાં ક્ષેત્રમાં વધુ એક છલાંગ લગાવવા જઈ રહ્યું છે. ISROની આ સંપૂર્ણરીતે વ્યાવસાયિક ઉડાન હશે. તેની સાથે કોઈપણ ભારતીય ઉપગ્રહ મોકલવામાં નહીં આવશે. આ મિશનની શરૂઆત ૧૬ સપ્ટેમ્બર, ૨૦૧૮થી થશે, જે ભારતીય રોકેટ શ્રીહરિકોટાનાં સતિષ ધવન અંતરિક્ષ કેન્દ્રથી બે બ્રિટિશ ઉપગ્રહો સાથે ઉડાન ભરશે.

## સેરિડોન સહિતની ૩૫૦ દવા પર પ્રતિબંધ મુકવાનો નિર્ણય

**દવાના વેચાણ અને સંગ્રહ ઉપર તરત જ પ્રતિબંધ : આરોગ્ય માટે દવાઓ ખુબ ખતરનાક હોવાથી ૩૫૦થી વધુ દવાઓ પર પ્રતિબંધ : મોટાભાગની પેઇનકિલરો છે**

નવી દિલ્હી,તા. ૧૩

માથાના દુખાવા અને અન્ય શરીરના દુખાવા માટે આડેધડ લેવામાં આવતી કેટલીક દવા સહિત કુલ ૩૫૦ દવા પર તાત્કાલિક ધોરણે પ્રતિબંધ મુકી દેવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એનડીએ સરકારે ફિક્સ્ડ ડોઝ કોમ્બિનેશન (એફડીસી)ની દવા પર પ્રતિબંધ મુકવાનો નિર્ણય કર્યો છે. જે દવા પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે તેમાં કેટલીક એવી દવા છે જે સામાન્ય લોકો કોઈ પણ દુખાવો થવાની સ્થિતીમાં તરત જ ખરીદી લેતા હતા. જે દવા પર પ્રતિબંધ મુકાયો છે તેમાં સેરિડોન ઉપરાંત પેન્ડર્મ પ્લસ, ટેક્સિંગ એઝેડ, ડીકોલ્ડ ટોટલનો સમાવેશ થાય છે. સામાન્ય ઉપયોગમાં આડેધડ દવા લેવામા આવી રહી હતી. ફટાફટ આરામ મેળવી લેવાના ઈરાદામાં આ પ્રકારની દવા સૌથી વધારે વેચાઈ રહી હતી. હવે તેના પર પ્રતિબંધ મુકી દેવામાં આવ્યા બાદ આ પ્રકારના દવાના બનાવટ અને વેચાણ પર રક રહેશે. નિયમોની સાથે ચેડા કરનારને દંડ કરવામાં આવશે. જે દવા પર પ્રતિબંધ મુકી દેવામાં આવ્યો છે તેમાં સેરિડોન, વિક્સ એક્શન ૫૦૦ અને અન્ય દવાનો સમાવેશ થાય છે. છેલ્લા કેટલાક સમયથી આ પ્રકારની દવાના ઉપયોગ પર પ્રતિબંધ મુકવા માટેની માંગ ઉઠી રહી હતી. આખરે આ દવાના ઉપયોગ પર પ્રતિબધ મુકી દેવાં આવ્યો છે. આમી દિવસોમાં અન્ય ફિક્સડ ડોઝની કોમ્બિનેશન વાળી દવા પર પણ તવાઈ આવી શક છે.



લાલ બાગ ચા રાજા - મુંબઈમાં ભારે ઉલ્લાસપૂર્વક શ્રીજીની સવારી નિકળી હતી... હજ્જારોની સંખ્યામાં ભાવિકોએ ગણપતિ બાપા મોરિયાના જયઘોષ કર્યા હતા... ભવ્યાતિભવ્ય બાપાની મૂર્તિના દર્શને મુંબઈવાસીઓ ઉમટ્યા હતા... દેશભરમાં ગણેશોત્સવ ધામધૂમથી આરંભાયો છે... મુંબઈમાં ગણપતિ ઉત્સવનો ભારે મહિમા હોય છે... અને એમાય લાલ બાગના ગણપતિના દર્શન કરવાનો લ્હાવો અનેરો હોય છે...

## પેટ્રોલ-ડીઝલના ભાવ વિક્રમ સપાટીએ

**ઓઇલ માર્કેટિંગ કંપનીઓએ ભાવમાં ફરી વધારો કર્યો : દિલ્હીમાં પેટ્રોલની કિંમત ૮૧ તેમજ મુંબઈમાં ૮૮.૩૯ રૂપિયા પ્રતિલીટર**

નવી દિલ્હી,તા. ૧૩

તીવ્ર મોંઘવારીનો સામનો કરી રહેલા લોકો પર આજે વધુ બોજ ઝીંકવામાં આવ્યો હતો. એક દિવસના વિરામ બાદ પેટ્રોલ અને ડીઝલની કિંમતમાં ફરી વધારો કરવામાં આવ્યો હતો. દિલ્હી અને મુંબઈમાં પેટ્રોલની કિંમતમાં ૧૩ પૈસાનો વધારો કરવામાં આવ્યો હતો. જ્યારે ડીઝલની કિંમતમાં ૧૧ પૈસાનો વધારો કરવામાં આવ્યો હતો. ભાવ વધારાના કારણે સામાન્ય લોકો પર વધારે બોજ આવી ગયો છે. આજે સવારે દિલ્હીમાં પેટ્રોલની કિંમત લીટરદીઠ ૮૧ રૂપિયા પર પહોંચી ગઈ હતી. જ્યારે દિલ્હીમાં ડીઝલની કિંમત વધીને ૭૩.૦૮ સુધી પહોંચી ગઈ છે. આજે મુંબઈમાં પેટ્રોલની કિમત ૮૮.૩૯ સુધી પહોંચી ગઈ હતી. ડીઝલની કિંમત વાણિજ્ય પાટનગરમાં વધીને ૭૭.૫૮ સુધી પહોંચી ગઈ હતી. પેટ્રોલ અને ડીઝલની કિંમત રેકોર્ડ ઉંચી સપાટીએ પહોંચી છે.

કોલકાતા સિવાય મેટ્રોમાં કિંમતોમા વધારો થયો છે. પેટ્રોલની કિંમત હવે લોકોને વધુ હેરાન કરી રહી છે. મુંબઈ, ચેન્નાઈ અને કોલકાતામાં પેટ્રોલની કિંમત લીટરદીઠ ૮૮.૩૯, ૮૨.૪૧, ૮૨.૮૭ રહી છે. મોંઘવારીનો સામનો કરી રહેલા સામાન્ય લોકોને ગઈકાલે રાહત થઈ હતી.

શ્રી ન્યુ દુર્ગા જ્યોતિષ સેન્ટર
(રજી.નં. Guj/AMD/ 40600)
અમદાવાદમાં જુના અને જાણીતા,જ્યોતિષ સમ્રાટ, ગોલ્ડ મેડાલીસ્ટ, કામરૂદેશના ગુઢ વિદ્યાના જાણકાર (સ્પે.)
A to Z સમસ્યાનો ઝડપી નિકાલ
ગુપ્ત ધનના ખાસ જાણકાર.
ભારતના સુપ્રસિદ્ધિ રાજ જ્યોતિષી પંડિત પ્રહલાદભાઈ જોષી (જ્યોતિષ અને તાંત્રિક કામાખ્યા ઉપાસક)
વિદ્યા,નોકરી,ધંધો, સગાઈમાં વિલંબ,લગ્નયોગ, સ્ત્રીપુરૂષના અણબનાવ,ગૃહકલેશ, સંતાનયોગ, પ્રેમમાં દગો, રૂઠે કો મનાના, પ્રેમભંગ, ફરી પ્રેમ, શારીરીક, માનસિક, આર્થીક,ફસાયેલાનાંણા, કોઈ નું કરેલું,સૌતન મુક્તિ,સાસુ,પતી અને પ્રેમીનો ત્રાસ,પ્રમોશન યોગ,વિદેશ યોગ,શત્રુનાશ મકાન યોગ, ભુમિનડતર, કોઈપણ મુંઝવતા પ્રશ્નોના માર્ગદર્શન અને ઝડપી નિકાલ માટે મળો.
Website : www.shrinewdurgajyotish.com એક વખત અમારી મુલાકાત લેવાનું ભુલશો નહી.
નવાતાંત્રિકો જ્યોતિષો, ભાડાના મકાનવાળા, હોટલોમાં જાહેરાત વાળા, વગર એડ્રસવાળી જાહેરાતવાળાથી ખાસ સાવધાન
YouTube Best Jyotish and Tantrik
ભુમિનડતર અને ગુપ્ત ધનના સ્પેશ્યાલિસ્ટ | અધુરા મુકાયેલા કામ પુરા કરી આપવામાં આવશે.
વધુ માહિતી માટે android app - shreenewdurgajyotish સમય દરરોજ : ૧૦ થી ૮ જોવાની ફી રૂા.101/-
બી ૧૦૨, સુકન-૪, પરીશ્રમ ટાવરની સામે, અંકુર ચાર રસ્તા,નારણપુરા, અમદાવાદ-૧૩.
M : 9374567515,9427620602 મોબાઈલથી એપોઈન્ટમેન્ટ લઈને મળો

## સોપોરમાં ભીષણ અથડામણ

**ત્રણ ત્રાસવાદીઓ ઠાર : ભીષણ અથડામણમાં નવ સુરક્ષા જવાનો પણ ઘાયલ : ઠાર થયેલા ત્રાસવાદીઓની પાસેથી મોટી માત્રામાં વિસ્ફોટકોનો જથ્થો જપ્ત કરાયો : બાતમી આધારે મોટી સફળતા મળી**

શ્રીનગર, તા. ૧૩

જમ્મુ કાશ્મીરના બારામુલ્લા જિલ્લાના સોપોરમાં સુરક્ષા દળો અને આતંકવાદીઓ વચ્ચે થયેલી ભીષણ અથડામણમાં ત્રણ આતંકવાદીઓ માર્યા ગયા છે. આ એન્કાઉન્ટરમાં ડીએસપી સહિત નવ પોલીસ જવાનો ઘાયલ થયા છે. બીજી બાજુ સમગ્ર બારામુલા જિલ્લામાં ઈન્ટરનેટ સુવિધાને બંધ કરી દેવામાં આવી છે. સુરક્ષા દળોને બારામુલાના સોપોરે વિસ્તારમાં ત્રાસવાદીઓ છુપાયેલા હોવાની બાતમી મળી હતી. ત્યારબાદ આજે સવારે સુરક્ષા દળોએ સમગ્ર વિસ્તારને ચારેબાજુથી ઘેરી લઈને ઓપરેશન હાથ ધર્યું હતું.

આ ગાળા દરમિયાન આતંકવાદીઓની નજીક સુરક્ષા દળો પહોંચતા ગોળીબાર કરવામાં આવ્યો હતો. માર્યા ગયેલા આતંકવાદીઓ જૈશે મોહમ્મદના હોવાનું જાણવા મળ્યું છે. આ વિસ્તારમાં ત્રાસવાદીઓની ઉપસ્થિતિ અંગે બાતમી મળી હતી. ત્યારબાદ સોપોરેના આરમપોરા વિસ્તારમાં ચિંકીપોરામાં ઘેરાબંધી કરવામાં આવી હતી. છુપાયેલા ત્રાસવાદીઓએ સુરક્ષા દળો ઉપર અંધાધૂંધ ગોળીબાર કર્યો હતો. સુરક્ષા જવાનોએ પણ જવાબી કાર્યવાહી કરી હતી.

## વડાપ્રધાન નરેન્દ્ર મોદી પોતાનો જન્મદિવસ બનારસમાં ઉજવશે

ન્યુ દિલ્હી,તા.૧૩

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આ વખતે ૧૭ સપ્ટેમ્બરના રોજ તેમનો જન્મદિવસ પોતાના સંસદિય ક્ષેત્ર બનારસમાં ઉજવશે. આ દરમિયાન તેઓ કાશી વિશ્વનાથના દર્શન પણ કરશે. સાથે બનારસ શહેરમાં અનેક પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને નવી યોજનાઓની જાહેરાત કરશે. પીએમ મોદીની ૧૭ સપ્ટેમ્બરના બનારસમાં રહેશે તેવી પ્રાથમિક માહિતી બાદ પોલીસ અને વહીવટી તંત્રએ તૈયારીઓ શરૂ કરી છે. તેથી બનારસના ડી.એમ., એસપીએ બેઠકમાં તૈયારીની સમીક્ષા પણ શરૂ કરી છે.

માહિતીના આધારે ૧૭ સપ્ટેમ્બરે પ્રધાનમંત્રી દર્શન અને પૂજન બાદ શહેરના લગભગ ૫૦૦૦ બાળકો સાથે તેમના જીવનની પ્રેરણાથી સંબંધિત ફિલ્મ 'ચલો જીતે હૈ' પણ નિહાળશે. ફિલ્મ જોવાનું સ્થળ હજુ સુધી નક્કી કરવામાં આવ્યું નથી, પરંતુ સૂત્રો દ્વારા જણાવવામાં આવ્યું છે કે વડાપ્રધાન દીનદયાલ હસ્તકલા સંકુલમાં બાળકો સાથે આ ફિલ્મ નિહાળશે.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧